૨૫-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "અવ્યક્ત-બાપદાદા" રીવાઇઝ ૦૭-૦૩-૯૩ મધુબન

## હાઈએસ્ટ (સૌથી ઊંચા) અને હોલીએસ્ટ (સૌથી પવિત્ર) આત્માની નિશાનીઓ

આજે બાપદાદા પોતાનાં સર્વ હાઈએસ્ટ અને હોલીએસ્ટ બાળકોને જોઈ રહ્યાં છે. બધાં બાળકો આ બેહદનાં ડ્રામા ની અંદર અથવા સૃષ્ટિ ચક્રની અંદર સૌથી હાઈએસ્ટ પણ છો અને સૌથી વધારે હોલીએસ્ટ પણ છો. આદિ થી હમણાં સંગમ સમય સુધી જુઓ કે આપ આત્માઓ કરતાં કોઈ હાઈએસ્ટ શ્રેષ્ઠ બન્યાં છે? જેટલાં આપ શ્રેષ્ઠ સ્થિતિ ને, શ્રેષ્ઠ પદ ને પ્રાપ્ત કરો છો એટલાં બીજા કોઈ પણ આત્માઓ ભલે ધર્મ પિતાઓ છે, કે મહાન આત્માઓ છે કોઈપણ આટલાં શ્રેષ્ઠ નથી થયાં કારણ કે તમે ઊંચા માં ઊંચા ભગવાન દ્વારા ડાયરેક્ટ પાલના, ભણતર અને શ્રેષ્ઠ જીવનની શ્રીમત લેવાવાળા આત્માઓ છો. જાણો છો ને પોતાને? પોતાનાં અનાદિકાળ ને જુઓ, અનાદિકાળ માં પણ પરમધામ માં બાપની સમીપ રહેવાવાળા છો. પોતાનું સ્થાન યાદ છે ને? તો અનાદિકાળમાં પણ હાઈએસ્ટ છો, સમીપ, સાથે છો અને આદિકાળ માં પણ સૃષ્ટિ-ચક્ર નાં સતયુગ કાળ માં દેવ-પદ પ્રાપ્ત કરવાવાળા આત્માઓ છો. દેવ આત્માઓનો સમય 'આદિકાળ' પણ સર્વશ્રેષ્ઠ છે અને સાકાર મનુષ્ય જીવનમાં સર્વ પ્રાપ્તિ સંપન્ન, શ્રેષ્ઠ છો. સૃષ્ટિ-ચક્રની અંદર આ દેવ પદ અર્થાત્ દેવતા જીવન જ એવું જીવન છે જ્યાં તન, મન, ધન, જન ચારેય પ્રકારની સર્વપ્રાપ્તિઓ પ્રાપ્ત છે. પોતાનું દૈવી જીવન યાદ છે? કે ભૂલી ગયાં છો? અનાદિકાળ પણ યાદ આવી ગયો, આદિ કાળ પણ યાદ આવી ગયો! સારી રીતે યાદ કરો? તો બંને સમય માં હાઈએસ્ટ છો ને!

એનાં પછી મધ્યકાળ માં આવો. તો દ્વાપર માં આપ આત્માઓનાં જડચિત્ર બને છે અર્થાત્ પૂજ્ય આત્માઓ બનો છો. પૂજ્ય માં પણ જુઓ, સૌથી વિધિપૂર્વક પૂજા દેવ આત્માઓની થાય છે. તમારા બધાનાં મંદિર બન્યાં છે. ડબલ વિદેશીઓનાં મંદિર બનેલાં છે? કે ફક્ત ભારતવાસીઓનાં બને છે? બનેલાં છે ને! જેવી રીતે દેવ આત્માઓની પૂજા થાય છે એવી રીતે બીજા કોઈ આત્માઓની પૂજા નથી થતી. કોઈ મહાત્મા વગેરે ને મંદિરમાં બેસાડી પણ દે છે, પરંતુ આવી ભાવના અને વિધિપૂર્વક દરેક કર્મની પૂજા થાય એવી પૂજા નથી થતી. તો મધ્યકાળ માં પણ પૂજ્ય રુપમાં શ્રેષ્ઠ છો, હાઈએસ્ટ છો. હવે અંત માં આવો, હમણાં સંગમયુગ પર પણ ઊંચા માં ઊંચા બ્રાહ્મણ આત્માઓ 'બ્રાહ્મણ સો ફરિશ્તા' આત્માઓ બનો છો. તો અનાદિ, આદિ, મધ્ય અને અંત હાઈએસ્ટ થઈ ગયાં ને. છે આટલો નશો? રુહાની નશો છે ને! અભિમાન નહીં પરંતુ સ્વમાન છે, સ્વમાન નો નશો છે. સ્વ અર્થાત્ આત્માનો, શ્રેષ્ઠ આત્માનો રુહાની નશો છે. તો આખાં ચક્ર માં હાઈએસ્ટ પણ છો અને સાથે-સાથે હોલીએસ્ટ પણ છો. ભલે બીજા આત્માઓ પણ હોલી અર્થાત્ પવિત્ર બને છે પરંતુ તમારી વર્તમાન સમય ની પવિત્રતા અને પછી દેવતા જીવન ની પવિત્રતા સૌથી શ્રેષ્ઠ અને ન્યારી છે. આ સમયે પણ સંપૂર્ણ પવિત્ર અર્થાત્ હોલી બનો છો.

સંપૂર્ણ પવિત્રતા ની પરિભાષા ખૂબ શ્રેષ્ઠ છે અને સહજ પણ છે. સંપૂર્ણ પવિત્રતા નો અર્થ જ છે સ્વપન માત્ર પણ અપવિત્રતા મન અને બુદ્ધિ ને ટચ (સ્પર્શ) ન કરે. એને જ કહેવાય છે સાચ્ચા વૈષ્ણવ. ભલે હમણાં નંબરવાર પુરુષાર્થી છો પરંતુ પુરુષાર્થ નું લક્ષ્ય સંપૂર્ણ પવિત્રતાનું જ છે. અને સહજ પવિત્રતા ને ધારણ કરવા વાળા આત્માઓ છો. સહજ કેમ છે? કારણ કે હિંમત બાળકોની અને મદદ સર્વશક્તિમાન બાપની, એટલે મુશ્કેલ તથા અસંભવ પણ સંભવ થઈ ગયું છે અને નંબરવાર થઈ રહ્યું છે. તો હોલી અર્થાત્ પવિત્રતાની પણ શ્રેષ્ઠ સ્થિતિનો

અનુભવ આપ બ્રાહ્મણ આત્માઓને છે. સહજ લાગે છે કે મુશ્કેલ લાગે છે. સંપૂર્ણ પવિત્રતા મુશ્કેલ છે કે સહજ છે? ક્યારેક મુશ્કેલ, ક્યારેક સહજ? સંપૂર્ણ બનવું જ છે આ લક્ષ છે ને. લક્ષ તો હાઈએસ્ટ છે ને! કે લક્ષ જ ઢીલું છે કે કોઈ વાત નથી, બધું ચાલે છે? ના. આ તો નથી વિચારતા ને કે થોડું-ઘણું તો થાય જ છે? આ તો નથી વિચારતા "થોડું તો ચાલે જ છે, ચલાવી લો, કોઇને શું ખબર પડે છે, કોઈ મન્સા તો જોતું જ નથી, કર્મમાં તો આવતું જ નથી?" પરંતુ મન્સા નાં વાઇબ્રેશન (પ્રકંપન) પણ છુપાઈ નથી શકતાં. ચલાવવા વાળાને બાપદાદા સારી રીતે જાણે છે. એમ આઉટ નથી કરતાં, નહીં તો નામ પણ આઉટ કરી શકે છે. પરંતુ હમણાં નથી કરતાં. ચલાવવા વાળા સ્વયં જ ચાલતા-ચાલતા, ચલાવતા-ચલાવતા ત્રેતા સુધી પહોંચી જશે. પરંતુ લક્ષ બધાનું સંપૂર્ણ પવિત્રતાનું જ છે.

આખાં ચક્ર માં જુઓ ફક્ત દેવ આત્માઓ છે જેનું શરીર પણ પવિત્ર છે અને આત્મા પણ પવિત્ર છે. બીજા જે પણ આવ્યાં છે આત્મા પવિત્ર બની પણ જાય પરંતુ શરીર પવિત્ર નહીં હોય. આપ આત્માઓ બ્રાહ્મણ જીવનમાં એવાં પવિત્ર બનો છો જે શરીર પણ, પ્રકૃતિ પણ પવિત્ર બનાવી દો છો એટલે શરીર પણ પવિત્ર છે તો આત્મા પણ પવિત્ર છે. પરંતુ એ કેવા આત્માઓ છે જે 'શરીર' અને 'આત્મા' બંનેવ થી પવિત્ર બને છે? એમને જોયા છે? ક્યાં છે એ આત્માઓ? તમે જ છો એ આત્માઓ! તમે બધાં છો કે થોડાં છો? પાક્કુ છે ને કે અમે જ હતાં, અમે જ બની રહ્યાં છીએ. તો હાઈએસ્ટ પણ છો અને હોલીએસ્ટ પણ છો. બંનેવ છો ને! કેવી રીતે બન્યાં? ખૂબ અલૌકિક રુહાની હોળી મનાવવાથી હોલી બન્યાં. કઈ હોળી રમ્યાં છો જેનાંથી હોલિએસ્ટ પણ બન્યાં છો અને હાઈએસ્ટ પણ બન્યાં છો?

સૌથી સારા માં સારો શ્રેષ્ઠ રંગ કયો છે? સૌથી અવિનાશી રંગ છે બાપનાં સંગ નો રંગ. જેવો સંગ હોય છે ને, તેવો રંગ લાગે છે. તમને કોનો રંગ લાગ્યો? બાપ નો ને! તો બાપ નાં સંગ નો રંગ જેટલો પાક્કો લાગે છે એટલાં જ હોલી બની જાઓ છો, સંપૂર્ણ પવિત્ર બની જાઓ છો. સંગ નો રંગ તો સહજ છે ને! તો સંગ માં રહો, રંગ જાતેજ લાગી જશે, મહેનત કરવાની પણ આવશ્યકતા નથી. સંગ માં રહેતા આવડે છે? કે ડબલ વિદેશીઓને એકલા રહેવાનું, એકલાપણું મહેસુસ કરતા જલ્દી આવડે છે? ક્યારેક-ક્યારેક કમ્પલેન (ફરિયાદ) આવે છે ને કે હું પોતાને એકલો મહેસૂસ (અનુભવ) કરું છું. કેમ એકલા રહો છો? કેમ એકલાપણું મહેસૂસ કરો છો? આદત છે, એટલે? બ્રાહ્મણ આત્માઓ એક સેકન્ડ પણ એકલા ન હોઈ શકે. હોઈ શકે છે? (નહીં) થવાનું નથી પરંતુ થઈ જાઓ છો! બાપદાદાએ સ્વયં પોતાનાં સાથી બનાવ્યાં, પછી એકલા કેવી રીતે થઈ શકો છો! ઘણાં બાળકો કહે છે કે બાપ ને 'કમ્પેનિયન' (સાથી) તો બનાવ્યાં છે પરંતુ સદા કંપની (સાથ) નથી રહેતી. કેમ? કમ્પેનિયન બનાવ્યાં છે, આમાં તો ઠીક છે. બધાંને પૂછશે તમારા કમ્પેનિયન કોણ છે? તો બાબા જ કહેશે ને.

બાપદાદાએ જોયું કે જ્યારે કમ્પેનિયન બનાવવાથી પણ કામ નથી ચાલતું, ક્યારેક-ક્યારેક તો પણ એકલા થઈ જાઓ છો. હવે બીજી કઈ યુક્તિ અપનાવીએ? કમ્પેનિયન બનાવ્યાં છે પરંતુ કમ્બાઇન્ડ નથી બન્યાં. કમ્બાઇન્ડ સ્વરુપ ક્યારેય અલગ નથી થતું. કમ્પેનિયન થી ક્યારેક-ક્યારેક ફ્રેન્ડલી ક્વોરલ (ઝઘડો) પણ થઈ જાય છે તો અલગ થઈ જાઓ છો. ક્યારેક-ક્યારેક કોઈ એવી વાત થઈ જાય છે ને, તો બાપ થી એકલા બની જાઓ છો. તો કમ્પેનિયન તો બનાવ્યાં છે પરંતુ કમ્પેનિયન ને કમ્બાઈન્ડ રુપ માં અનુભવ કરો. અલગ થઈ જ ન શકો, કોઈની તાકાત નથી જે મુજ કમ્બાઇન્ડ રુપ ને અલગ કરી શકે, એવો અનુભવ વારંવાર સ્મૃતિમાં લાવતા-લાવતા સ્મૃતિ

સ્વરુપ બની જાઓ. વારંવાર ચેક કરો કે કમ્બાઇન્ડ છું, કિનારો તો નથી કરી લીધો? જેટલો કમ્બાઈન્ડ રુપનો અનુભવ વધારતા જશો એટલું બ્રાહ્મણ જીવન ખૂબ પ્યારું, મનોરંજક જીવન અનુભવ થશે. તો એવી હોળી મનાવવા આવ્યાં છો ને. કે ફક્ત રંગની હોળી મનાવીને કહેશો કે હોળી થઈ ગઈ? સદૈવ યાદ રાખો સંગ નાં રંગની હોળી થી હોલિએસ્ટ અને હાઈએસ્ટ સહજ બનવાનું છે. મુશ્કેલ નહીં, સહજ. પરમાત્મ-સંગ ક્યારેય મુશ્કેલી નો અનુભવ નથી કરાવતો. બાપદાદાને પણ બાળકોની મહેનત કે મુશ્કેલી અનુભવ કરવાનું ગમતું નથી. માસ્ટર સર્વ શક્તિમાન્ અથવા સર્વશક્તિવાન્ નાં કમ્બાઇન્ડ-રુપ અને પછી મુશ્કેલી કેવી રીતે થઈ શકે! જરુર કોઈ અલબેલાપણું અથવા આળસ તથા જૂનાં પહેલાનાં જીવન નાં સંસ્કાર ઈમર્જ (જાગૃત) થાય છે ત્યારે મુશ્કેલ અનુભવ થાય છે. જ્યારે મરજીવા બની ગયાં તો જૂનાં સંસ્કારનું પણ મૃત્યુ થઈ ગયું, જૂનાં સંસ્કાર ઈમર્જ થઈ ન શકે. બિલકુલ ભૂલી જાઓ કે આ જૂનાં જન્મ નાં છે, બ્રાહ્મણ જન્મ નાં નથી. જ્યારે જૂનો જન્મ સમાપ્ત થયો, નવો જન્મ ધારણ કર્યો તો નવો જન્મ, નવાં સંસ્કાર.

જો માયા જૂનાં સંસ્કારો ઈમર્જ કરાવે પણ છે તો વિચારો જો કોઈ બીજાની વસ્તુ તમને આવીને આપે તો તમે શું કરશો? રાખી દેશો? સ્વીકાર કરશો? વિચારશો ને કે આ અમારી વસ્તુ નથી, આ બીજાની વસ્તુ હું કેવી રીતે લઈ શકું છું? જો માયા જૂનાં જન્મ નાં સંસ્કારો ઈમર્જ કરવાનાં રુપમાં આવે પણ છે તો તમારી વસ્તુ તો આવી નહીં, વિચારો આ મારી વસ્તુ નથી, આ પારકી (બીજાની) છે. પારકી વસ્તુ ને સંકલ્પ માં પણ પોતાની નથી માની શકતાં. માની શકો છો? વિચારો પારકી વસ્તુ જરુર દગો આપશે, દુઃખ આપશે. વિચારીને એ જ સેકન્ડે પારકી વસ્તુને છોડી દો, ફેંકી દો અર્થાત્ બુદ્ધિ થી કાઢી દો. પારકી વસ્તુને પોતાની બુદ્ધિમાં રાખી નહીં લો. નહીં તો પરેશાન (હેરાન) કરતી રહેશે. સદા આ વિચારો કે બ્રાહ્મણ જીવનમાં બાપે શું-શું આપ્યું, બ્રાહ્મણ જીવન નાં અર્થાત્ મારા મૂળ સ્વભાવ, સંસ્કાર, વૃત્તિ, દૃષ્ટિ, સ્મૃતિ શું છે? આ પોતાની છે, તે પારકી છે. પારકો માલ ગમે છે કે પોતાનો માલ ગેમે છે? એ રાવણનો માલ છે અને આ બાપનો માલ છે કયો ગમે છે? ક્યારેય પણ ભૂલ થી પણ સંકલ્પ માં પણ નહીં લાવો “શું કરું, મારો સ્વભાવ એવો છે, મારા સંસ્કાર એવાં છે? શું કરું, સંસ્કાર ને ખતમ કરવા ખૂબ મુશ્કેલ છે.” તમારાં છે જ નહીં. મારા કેમ કહો છો? મારા છે જ નહીં. રાવણ ની વસ્તુને મારી કહો છો! મારા બનાવો છો ને, ત્યારે જ તે સંસ્કાર પણ સમજે છે કે આમણે પોતાનાં તો બનાવી લીધાં, તો હવે સારી રીતે ખાતરી કરો. મૂળ સંસ્કાર, મૂળ સ્વભાવ ઈમર્જ કરો તો તે સ્વતઃજ મર્જ થઇ (ભૂલાઇ) જશે. સમજ્યાં, શું કરવાનું છે?

તો હોળી આવી રીતે મનાવવા આવ્યાં છો ને. તેઓ એક દિવસ કહેશે હોળી છે; બીજા દિવસે કહેશે હોળી થઇ ગઇ. અને તમે શું કહેશો? તમે કહેશો અમે સદા સંગ નાં રંગની હોળી મનાવી રહ્યાં છીએ અને હોલી બની ગયાં. હોળી મનાવતા-મનાવતા હોલી બની ગયાં. હોળી મનાવી લીધી કે મનાવવાની છે? જ્યારથી બ્રાહ્મણ બન્યાં છો ત્યારથી હોળી મનાવી રહ્યાં છો કારણ કે સંગમયુગનો સમય જ સદા ઉત્સવનો સમય છે. દુનિયા વાળા તો એક્સ્ટ્રા (વધારે) ખર્ચ કરીને મોજ મનાવે છે. પરંતુ તમે સદૈવ દરેક સેકન્ડ મોજ મનાવવા વાળા છો, દરેક સેકન્ડ નાચતા-ગાતા રહો છો. સદા ખુશી માં નાચો છો કે જ્યારે કલ્ચરલ પ્રોગ્રામ (સાંસ્કૃતિક કાર્યક્રમ) થાય છે ત્યારે નાચો છો? સદા નાચતા રહો છો ને. સદા બાપની મહિમા અને પોતાની પ્રાપ્તિઓ નાં ગીત ગાતા રહો. બધાંને ગાતા આવડે છે ને. બધાં ગાઈ શકો છો, બધાં નાચી શકો છો. સદા નાચવું-ગાવું મુશ્કેલ છે શું? સહજ છે અને સદા સહજ અનુભવ કરતા સંપન્ન બનવાનું જ છે. ક્યારેય પણ એ નહીં વિચારો ખબર નહીં, અમે સંપન્ન

બનીશું કે નહીં બનીએ. આ કમજોર સંકલ્પ ક્યારેય આવવા નહીં દો. સદા આ જ વિચારો કે અનેકવાર હું જ બની છું અને મારે જ બનવાનું જ છે અચ્છા!

ચારેય તરફ નાં સદા પરમાત્મ-સંગ નાં રંગની હોળી મનાવવા વાળા શ્રેષ્ઠ આત્માઓ, સૃષ્ટિ-ચક્ર ની અંદર સદા હાઈએસ્ટ પાર્ટ ભજવવા વાળા શ્રેષ્ઠ આત્માઓ, સર્વ આત્માઓ સાથે શ્રેષ્ઠ હોલિએસ્ટ આત્માઓ, સદા કમ્બાઇન્ડ રહેવાવાળા પદમાપદમ ભાગ્યવાન આત્માઓ, સદા સર્વની મુશ્કેલી ને પણ સહજ બનાવવા વાળા બ્રાહ્મણ આત્માઓ, સદા નવાં જન્મ નાં નવાં સ્વભાવ-સંસ્કાર, નવાં ઉમંગ-ઉત્સાહ માં રહેવાવાળા ઉડતી કળા નાં અનુભવી આત્માઓ ને બાપદાદા નાં યાદ-પ્યાર અને નમસ્તે.

**દાદી જાનકીજી ની પ્રતિ બાપદાદા નાં વરદાની મહાવાક્ય**

સારું ચાલી રહ્યું છે ને. રથ ને ચલાવવાની રીત આવડી ગઈ છે. દાદીઓને ઠીક જોઈને જ ખુશ થઈ જાય છે. શરીરનાં પણ નોલેજફુલ (જ્ઞાની), આત્માનાં પણ નોલેજફુલ. ભલે પાછળ નો હિસાબ-કિતાબ ચૂક્તું કરવો જ પડે છે પરંતુ નોલેજફુલ હોવાથી સહજ ચૂક્તુ થઈ જાય છે. રીત આવડી જાય છે ને. ચાલવાની અને ચલાવવાની બંને રીત આવડી જાય છે. છતાં પણ સેવાનું બળ દુવાઓનું કામ કરી રહ્યું છે. આ દુવાઓ દવાનું કામ કરી રહી છે. સેવાનો ઉમંગ આવે છે ને જલ્દી-જલ્દી તૈયાર થઈ જાય તો સેવા કરીએ. તો તે ઉમંગ જે આવે છે ને, તે ઉમંગ સૂળી ને કાંટો કરી દે છે. સારું છે, તો પણ હિંમત સારી છે.

(સભાને) નિમિત્ત આત્માઓને જોઈને ખુશ થાઓ છો ને. હવે અવ્યક્ત વર્ષ માં દરેક કોઈને કોઇ કમાલ કરીને દેખાડો. સેવામાં કમાલ થઈ રહી છે, તે તો થવાની છે. પરંતુ પર્સનલ (વ્યક્તિગત) પુરુષાર્થ માં એવી કમાલ દેખાડો જે જોવા વાળા કહે કે હા, કમાલ છે! બીજા નાં મુખે થી નીકળે કે કમાલ છે. ફક્ત એવું નહીં કે ચાલી તો રહ્યાં છીએ, આગળ વધી તો રહ્યાં છીએ. પરંતુ કમાલ શું કરી? કમાલ એને કહેવાય છે જે અસંભવ ને કોઈ સંભવ કરીને દેખાડે, મુશ્કેલ ને સહજ કરીને દેખાડે. જે કોઈ નાં સપના માં પણ નહીં હોય તે વાત સાકારમાં કરીને દેખાડો આને કહેવાય છે કમાલ. સમય પ્રમાણે કમાલ થવી તે બીજી વાત છે. તે તો થવાની જ છે, થયેલી જ છે. પરંતુ સ્વ નાં અટેન્શન થી કોઈ એવી કમાલ કરીને દેખાડો. બ્રહ્મા બાપ નાં ૨૫ વર્ષ પૂરાં થયાં. જ્યારે કોઈ પણ ઉત્સવ મનાવવાનો હોય છે, તો જેનો મનાવે છે એને કોઈ ને કોઈ દિલ-પસંદ ગિફ્ટ (સૌગાત) અપાય છે. બ્રહ્મા બાપનું દિલ પસંદ શું છે? તે તો જાણો જ છો ને. જે સ્વયં ને પણ મુશ્કેલ લાગે છે ને, તે એવું સહજ થઈ જાય જે સ્વયં પણ તમે અનુભવ કરો કે કમાલ છે. ઠીક છે ને. શું કરશો? બાપ નું દિલ પસંદ કરીને દેખાડો. શું-શું દિલ પસંદ છે આ તો જાણો છો ને. બાપ ને શું પસંદ છે, જાણો છો ને. સારું! જોશે કઈ-કઈ ગિફ્ટ આપો છો? જેમ સ્થૂળ ગિફ્ટ ખૂબ પ્રેમ થી લઈ આવો છો ને. સારું છે, ડબલ વિદેશી પોતાનું ભાગ્ય સારી રીતે પ્રાપ્ત કરી રહ્યાં છે. વૃધ્ધિ કરી રહ્યાં છો ને. વૃધ્ધિ કરવા વાળાને પહેલાં તપસ્યા ની સાથે ત્યાગ કરવો જ પડે છે. વૃધ્ધિ થાય છે તો ખુશ થાઓ છો ને કે સમજો છો અમને ઓછું પડી જશે? સારું છે, વૃધ્ધિ સારી કરી રહ્યાં છો. આ નહીં વિચારો અમારું ઓછું થઈ રહ્યું છે. વધી રહ્યું છે. બધી મશીનરી સૂક્ષ્મ વતન ની જ ચાલી રહી છે.

**વરદાન :- સંગમયુગ પર દરેક સમય, દરેક સંકલ્પ, દરેક સેકન્ડ ને સમર્થ બનાવવા વાળા જ્ઞાન સ્વરુપ ભવ**

જ્ઞાન સાંભળવા અને સંભળાવવાની સાથે-સાથે જ્ઞાન ને સ્વરુપ માં લાવો. જ્ઞાન સ્વરુપ એ છે જેનો દરેક સંકલ્પ, બોલ અને કર્મ સમર્થ હોય. સૌથી મુખ્ય વાત - સંકલ્પ રુપી બીજ ને સમર્થ

બનાવવાની છે. જો સંકલ્પ રુપી બીજ સમર્થ છે તો વાણી, કર્મ, સંબંધ સહજ જ સમર્થ થઈ જાય છે. જ્ઞાન સ્વરુપ એટલે દરેક સમય, દરેક સંકલ્પ, દરેક સેકન્ડ સમર્થ હોય. જેવી રીતે પ્રકાશ છે તો અંધારું નથી હોતું. એવી રીતે સમર્થ છે તો વ્યર્થ હોઈ ન શકે.

**સ્લોગન :-** સેવા માં સદા જી હાજર કરવું - આ જ પ્રેમ નું સાચ્ચુ સબૂત (પ્રમાણ) છે.